## વાપીમાં નવા અન્ડરબ્રિજ સાથેનો સર્વિસ રોડ પહોળો કરવા સંપાદન મંજૂર

**વાપી** મનપાની સામાન્ય સભામાં વિકાસના કામોને લીલી ઝંડી



વાપી : વાપી મહાનગરપાલિકાની સામાન્ય સભા મેયર દક્ષાબેન પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. વાપીના માળખાકીય વિકાસ, પાણી પુરવઠો, સેનિટેશન, માર્ગ વ્યવસ્થા, આવાસ યોજના અંગે ચર્ચા થઈ હતી. સભાના સંચાલનની જવાબદારી ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈને સોંપવામાં આવી હતી.

સભ્ય ખંડુભાઈ પટેલે પ્રેક્ષક ગેલેરીમાં નગરજનોને સભા નિહાળવા માટે નિયમોનુસાર પ્રવેશ આપવા રજૂઆત કરી હતી. ડેપ્યુટી મેયર મિતેશ દેસાઈએ સ્પષ્ટતા કરી હતી કે, સભાખંડની ક્ષમતાને ધ્યાનમાં રાખીને વહેલા તે પહેલાના ધોરણે પાસ આપીને પ્રવેશ આપવામાં આવશે, જેથી અવ્યવસ્થા ઊભી ન થાય. સભ્ય ખંડુભાઈ પટેલે સંતોષ વ્યક્ત કર્યો હતો. આ સભામાં પાણી પુરવઠા અને સેનિટેશન માટે સરકારી જમીન મેળવવાની પ્રક્રિયાને મંજૂરી, વર્ગ-૩ની ભરતી-બઢતીના નિયમોને મંજૂરી આપવામાં આવી હતી. ગીતાનગર પ્રાથમિક શાળાના નવા મકાન માટે રજૂઆત થઈ હતી. સ્થાયી સમિતિના ચેરમેન સતીશ પટેલ, શાસક પક્ષના નેતા ધર્મેશ પટેલ, દંડક સંગીતા તિવારી, વિરોધ પક્ષના નેતા પીરૂભાઈ મકરાણી, કમિશનર એન.એફ. ચૌધરી, નાયબ કમિશનર કિરણસિંહ રણા તેમજ વિશાલ પટેલ સહિતના અધિકારીઓ, અધિકારી-કર્મચારીઓ તથા ચૂંટાયેલા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

### અન્ડરપાસ-અન્ડરબ્રિજ સાથે જોડાયેલા સર્વિસ રોડના વિસ્તરણને મંજૂરી

બલીઠામાં કાર્યરત નવા અન્ડરપાસથી કસ્ટમ ફ્રન્ટિયર રોડને જોડતા ચલા ચોકી ફળિયા તેમજ રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૪૮થી વલસાડ રોડને જોડતા નવા અન્ડરબ્રિજને લાગુ સર્વિસ રોડને પહોળો કરવા માટે જરૂરી રસ્તા સંપાદનની કાર્યવાહી અંગેની બહાલીને પણ સામાન્ય સભાએ મંજૂરી આપી હતી. આ મુદ્દે સભ્ય ખંડુભાઈ પટેલે રજૂઆત કરી હતી કે, રસ્તા પહોળા કરવાની કામગીરી દરમિયાન કોઈ ગરીબ પરિવારના ઘર કે રહેણાંક મકાનને નુકસાન ન થાય તેની ખાસ કાળજી રાખવામાં આવે. જવાબમાં ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, સમગ્ર કામગીરી નિયમો અને સરકાર દ્વારા નિયત ધારાધોરણો મુજબ જ કરવામાં આવશે તથા સંપાદનની જરૂરી કાર્યવાહી દરમિયાન અસરગ્રસ્તોને નિયમોનુસાર યોગ્ય વળતર ચૂકવવામાં આવશે. ત્યારબાદ આ મુદ્દાને પણ સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી.

### પ્રધાનમંત્રી આવાસ યોજના-૨.૦ના ગ્રીનફિલ્ડ પ્રોજેક્ટને બહાલી

સભાના અંતિમ એજન્ડા મુદ્દા તરીકે તા. ૨૧/૦૮/૨૦૨૬ની સ્થાયી સમિતિની ભલામણ મુજબ પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ અંતર્ગત AHP (Green Field) પ્રોજેક્ટના DPRને બહાલી આપવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચા બાદ પ્રોજેક્ટના DPRને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી. આ નિર્ણયથી વાપી શહેરમાં આવાસની જરૂરિયાત ધરાવતા પાત્ર લાભાર્થીઓ માટે ભવિષ્યમાં વધુ સુવિધાયુક્ત અને આયોજનબદ્ધ આવાસ વ્યવસ્થા ઊભી કરવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભરાયું છે.

## આજથી નવસારીમાં રિક્ષા ભાડુ રૂ. 5 વધશે

**નવસારી**-વિજલપુરમાં રિક્ષા ભાડામાં વધારો ૧ સપ્ટેમ્બરથી નવા દરો અમલી બનશે




નવસારીઃ વધતી મોંઘવારી અને રિક્ષા ચલાવવાના ખર્ચમાં સતત થઈ રહેલા વધારાને પગલે નવસારી-વિજલપુરના ઓટો રિક્ષાચાલકોએ ભાડામાં વધારો કરવાનો નિર્ણય લીધો છે. ઓટો રિક્ષા એસોસિએશન દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે આગામી 1 સપ્ટેમ્બર, 2026થી નવસારી અને વિજલપુર વિસ્તારમાં રિક્ષાનું નવું ભાડું અમલમાં આવશે. વર્ષ 2017 બાદ પ્રથમ વખત ભાડામાં વધારો કરવામાં આવી રહ્યો છે.

એસોસિએશનના જણાવ્યા મુજબ, છેલ્લા કેટલાંક વર્ષોમાં રિક્ષા ચલાવવાનો ખર્ચ નોંધપાત્ર રીતે વધ્યો છે. ખાસ કરીને CNGના ભાવમાં થયેલા વધારાની સીધી અસર રિક્ષાચાલકોના દૈનિક ખર્ચ પર પડી છે. વર્ષ 2017માં CNGનો ભાવ આશરે 48 પ્રતિ કિલો હતો, જે હાલમાં વધીને લગભગ 90 પ્રતિ કિલો સુધી પહોંચી ગયો છે. એટલે કે થોડા વર્ષોમાં ઇંધણના ખર્ચમાં મોટો વધારો થયો છે.

માત્ર CNG જ નહીં, પરંતુ રિક્ષાના સ્પેરપાર્ટ્સ, એન્જિન ઓઈલ, ગ્રીસ, સર્વિસિંગ અને રિપેરિંગની મજૂરીના ભાવમાં પણ વધારો થયો છે. પરિણામે વર્ષોથી અમલમાં રહેલા જૂના ભાડામાં રિક્ષા ચલાવવી મુશ્કેલ બની હોવાનું

### ભાડા વધારાનું કારણ અને મોંઘવારીની અસર

એસોસિએશનનું કહેવું છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં સીએનજી (CNG) ના ભાવ પ્રતિ કિલો રૂપિયા ૪૮ થી વધીને અંદાજે રૂપિયા ૯૦ સુધી પહોંચી ગયા છે. આ ઉપરાંત સ્પેરપાર્ટ્સ, એન્જિન ઓઇલ, સર્વિસિંગ અને રિપેરિંગના ખર્ચમાં પણ મોટો વધારો થયો હોવાથી રિક્ષાચાલકોનું આવક-ખર્ચનું ગણિત ખોરવાઈ ગયું હતું, જેને કારણે આ પગલું ભરવું પડ્યું છે. 1 સપ્ટેમ્બરથી નવું ભાડું અમલમાં આવતાં રિક્ષાચાલકોને રાહત મળશે, પરંતુ રોજિંદા મુસાફરોના પરિવહન ખર્ચમાં વધારો થશે.

## લોટ્સ હોસ્પિ.માંથી મૃતક વૃદ્ધાના દાગીના ગાયબ

**સારવાર** લઇ રહેલા વૃદ્ધાના ઘરેણાં ચોરાયાનો આક્ષેપ સાથે વલસાડની લોટસ હોસ્પિટલમાં ભારે હોબાળો

વલસાડ : વલસાડ શહેરની લોટસ હોસ્પિટલમાં સારવાર દરમિયાન દમ તોડનાર એક વૃદ્ધ મહિલાના શરીર પરથી સોનાના ઘરેણાં ચોરાઈ ગયા હોવાનો ગંભીર આક્ષેપ પરિવારજનોએ લગાવ્યો છે. આ ઘટનાને પગલે રવિવારે મોડી રાત સુધી હોસ્પિટલ પરિસરમાં ભારે તણાવ અને હોબાળો સર્જાયો હતો.

ઉમરગામના રહેવાસી વૃદ્ધાને સારવાર અર્થે લોટસ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં રવિવારે સાંજે સારવાર દરમિયાન તેમનું નિધન થયું હતું. હોસ્પિટલ પ્રશાસન દ્વારા મૃતદેહ પરિવારજનોને સોંપવામાં આવ્યો ત્યારે મહિલાના કિંમતી ઘરેણાં ગાયબ હોવાનું સામે આવતાં સ્વજનો ચોંકી ઉઠ્યા હતાં.

આ મામલે રોષે ભરાયેલા સંબંધીઓએ હોસ્પિટલ સ્ટાફ સાથે ઉગ્ર બોલાચાલી કરી સીસીટીવી ફૂટેજની ચકાસણી કરાવી હતી. તપાસ દરમિયાન કોઈ ચોક્કસ સુરાગ ન મળતાં આખરે વલસાડ ટાઉન પોલીસને જાણ કરવામાં આવી હતી. બનાવની જાણ થતાં જ પોલીસ કાફલો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને પરિસ્થિતિ સંભાળી મોડી રાત્રે ૧૨ વાગ્યા સુધી મામલો થાળે પાડવા તેમજ તપાસ હાથ ધરવા માટે કાર્યવાહી કરી હતી.

## પારડી પોલીસ મથકમાં કોન્સ્ટેબલ ઉપર હુમલો કરનારા પકડાયા

**કલસરના** હોટલમાં ID કાર્ડ અને મહિલા-પુરુષોના જૂથને રૂમ ભાડે આપવા સ્ટાફ સાથે વિવાદ થતા મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો

પારડી : પારડીના કલસર વિસ્તારમાં આવેલી મૂન વિલા હોટલમાં રૂમ ભાડે રાખવા બાબતે થયેલા વિવાદ બાદ પારડી પોલીસ સ્ટેશનમાં ધમાલ મચી હતી. ઘટના દરમિયાન નશામાં ધૂત શખ્સોએ પોલીસ સાથે ઝપાઝપી કરતા એક કોન્સ્ટેબલનો હાથ ભાંગી ગયો હતો. પોલીસે આ મામલે મહારાષ્ટ્રના 6 લોકો સામે ગુનો નોંધી તેમની ધરપકડ કરી હતી.



પાલઘર મહારાષ્ટ્રના ઈરફાન ઈશાક પઠાણ, અન્ય ત્રણ ઈસમો અને બે મહિલાઓ પારડી તાલુકાના કલસર બે માઈલ પાસે આવેલી મૂન વિલા હોટલમાં રૂમ ભાડે લેવા ગયા હતાં. આઈડી કાર્ડ અને મહિલા-પુરુષોના જૂથને રૂમ આપવા બાબતે હોટલ સ્ટાફ સાથે વિવાદ થતાં મામલો પારડી પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો. પોલીસ સ્ટેશનમાં પૂછપરછ દરમિયાન એક યુવક નશામાં હોવાનું જણાતાં પોલીસે કાર્યવાહી શરૂ કરી હતી. જેથી ઉશ્કેરાયેલા ટોળાએ કોન્સ્ટેબલ ઈન્દ્રજીતસિંહ માધુભા સાથે બોલાચાલી અને ઝપાઝપી કરી હતી. ધક્કામુક્કી દરમિયાન કોન્સ્ટેબલનો જમણો હાથ લોકઅપના સળિયા સાથે અથડાતાં ફ્રેક્ચર હોવાનું નિદાન થયું હતું. પોલીસે તમામ આરોપીઓ સામે પોલીસ કર્મચારી પર હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડવા બદલ ઈરફાન ઈશાક પઠાણ, વૈભવ પ્રદીપ ભોસલે, હિરન્મય સુભાષિશ સોનગુપ્તા, દિલપ્રિતસિંઘ જગદેવસિંઘ વિર્ક, પ્રેરણા સુરજ અધિકારી, રીચા સુનિતા ખાટુ સામે ગુનો નોંધ્યો હતો. તેઓની ધરપકડ કરી નવસારી સબજેલમાં મોકલી આપ્યા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### પારડીમાં કાવડ યાત્રાને નાણામંત્રીએ લીલી ઝંડી આપી





પારડી : પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે પારડીમાં કાવડ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉત્તર ભારતીય સેવા સમિતિ પારડી દ્વારા આયોજિત કાવડ યાત્રામાં ભક્તો બમ બમ ભોલે અને હર હર મહાદેવના નાદ સાથે જોડાયા હતાં. વૈજનાથ મહાદેવ મંદિર ખાતે નાણામંત્રી કનુભાઈ દેસાઈએ યાત્રાને લીલીઝંડી આપી હતી. વલસાડ તડકેશ્વર મહાદેવ મંદિરે કાવડ પહોંચી હતી. જ્યાં ભક્તોએ શિવલિંગ પર પવિત્ર જળથી અભિષેક કરી ભગવાન ભોલેનાથના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. વિપુલ પટેલ, જીતુભાઈ ઓઝા, રાજેશ પટેલ, મેહુલ ભરવાડ, જીગ્નેશ ચોરસિયા, રાકેશ ચોરસીયા, અમિત રાણા, જીગ્નેશ રાણા સહિત મોટી સંખ્યામાં ભક્તો હાજર રહ્યા હતા.

### દુધનીમાં યુથ કોંગ્રેસના નવનિયુક્ત પદાધિકારીઓનો સન્માન સમારોહ યોજાયો



વાપી : દાદરા નગર હવેલી કોંગ્રેસ પાર્ટી દ્વારા દુધનીમાં સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં યુથ કોંગ્રેસના નવનિયુક્ત પ્રમુખ અનિલ ખુલાત સહિત અન્ય પદાધિકારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન ગત લોકસભાના ઉમેદવાર રહેલા અજીત માહલા અને પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ રમણ કાંકવાની આગેવાની હેઠળ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન યુથ કોંગ્રેસની સમગ્ર ટીમ અને ઉપસ્થિત તમામ સક્રિય કાર્યકર્તાઓએ સંગઠનને મજબૂત બનાવવા અને જનહિતના મુદ્દાઓને મજબૂતીથી ઉઠાવવા પર ભાર મૂક્યો હતો. આ સન્માન સમારોહમાં કોંગ્રેસ પાર્ટીના મહાસચિવ રાજેન્દ્ર પટેલ, દુધની પંચાયતના સરપંચ સુનીલ ખાનજોડિયા, સિન્દોની પંચાયતના સરપંચ વિનય ગાબરે, દપાડા પંચાયતના સરપંચ નગિન વળવી, ખાનવેલ જિલ્લા અધ્યક્ષ જિગ્નેશ પટારા, સક્રિય કાર્યકર રશિક પટેલ, નિલેશ ગાવિત, સંદીપ ભીમરા, અંબાદાસ કોરડા, ગેલ કાકવા, સક્રિય મહિલા કાર્યકરો તેમજ યુવા અને વરિષ્ઠ કાર્યકતાઓ હાજર રહ્યા હતા.

### વલસાડ જિલ્લા પંચાયતના નાયબ ચિટનીશનો નિવૃતિ સમારોહ યોજાયો



વલસાડ : વલસાડ જિલ્લા પંચાયતના નાયબ ચિટનીશ ફિરોઝ પઠાણ અલગ-અલગ વિભાગોમાં 37 વર્ષ સુધી સક્રિય કર્મચારી તરીકે ફરજ બજાવી વયમર્યાદાને લઈ નિવૃત થતા તેમનો નિવૃતિ સમારોહ વલસાડમાં યોજાયો હતો. આ પ્રસંગે નાયબ ડી.ડી.ઓ. એ.વી. ડાંગીએ જણાવ્યું કે, સરકારી સેવામાં નિવૃતિ એ વહીવટી પ્રક્રિયાનો એક ભાગ છે, પરંતુ મનથી તેઓ હંમેશા આપણી સાથે રહેશે. પોતાના કાર્યકાળ દરમિયાન તેમણે ગ્રામ વિકાસ, પંચાયતના વહીવટી કાર્યો, લોક કલ્યાણની યોજનાઓને છેવાડાના માનવી સુધી પહોંચાડવા નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી છે. તેમણે નિવૃતિ નાયબ ચિટનીશ ફિરોઝ પઠાણે પૂર્વ અધિકારીઓ, વર્તમાન અધિકારમચારીઓના સહયોગ બદલ આભાર માન્યો હતો.

## આજે અરનાલામાં ઐતિહાસિક ખેડ સત્યાગ્રહ રેલી યોજાશે

**ખેડૂતોની** મટી રાજકારણીઓ માટે રાજકીય પ્લેટફોર્મ સમી બનેલી ખેડ સત્યાગ્રહ રેલી

**ખેડ** સત્યાગ્રહના સંસ્મરણો તાજી કરતી રેલીમાં ખેડુતોની ઓછી, રાજકારણની વધુ વાતો થતી હોવાનો ખેડૂતોનો મત

વલસાડ : નાનાપોંઢા તાલુકાના અરનાલા કલ્યાણેશ્વર મહાદેવ મંદિર કોલક નદી કિનારે ખેડ સત્યાગ્રહ રેલી યોજાશે. જેમાં કોંગ્રેસના રાષ્ટ્રીય યુવા નેતાઓ અને પ્રદેશ નેતાઓ ઉપસ્થિત રહેશે. નોંધનીય છેકે, ખેડૂતોના હક્કો માટે 1 સપ્ટેમ્બર 1953ના રોજ ખેડ સત્યાગ્રહ કરનારા સમાજવાદી નેતા સ્વ. ઈશ્વરભાઈ દેસાઈના ભગીરથ પુરુસાર્થ થકી ખેત આંદોલનથી પારડી વિભાગના ખેડૂતોને તેમની ઓળખ અપાવી હતી. આઝાદી બાદ પારડી વિભાગની પ્રજા ગરીબાઈ, ભૂખમરો, બેકારી અને નિરક્ષરતા જેવી વિકટ સમસ્યાથી ઘેરાયેલી હતી. જમીનદારોના શોષણ, અત્યાચાર અને જુલ્મથી પ્રજા ત્રાસી ગઈ હતી, ત્યારે ભૂમિ વિહોણા, ગણોતિયા ખેડૂતોને જમીન મળે અને ખેતી કરે તેવા આશયથી સામાજિક ન્યાય માટે અનોખો સત્યાગ્રહ કરનારા પારડી ખેત સત્યાગ્રહના પ્રણેતા અને ગાંધીવાદી, સમાજવાદી સ્વ. ઈશ્વરભાઈ દેસાઈએ પારડી વિભાગના આદિવાસીઓની સર્વાંગી વિકાસની નેમ સાથે ખેડ સત્યાગ્રહની ભૂમિ સેના રચી અને તે પણ અહિંસક અને ભૂમિહિન ખેત મજૂરોને તેમના હક્કો અપાવ્યા હતાં. જેમાં સ્વ. ઉત્તમભાઈ પટેલ સહિતના આગેવાનોએ પણ મહત્વનો ભાગ ભજવ્યો હતો. 14 વર્ષ સુધીના અહિંસક આંદોલન બાદ 14 હજાર એકર જમીન જમીનદારો પાસેથી મેળવી ખેડૂતોને જમીન આપવામાં આવી હતી. જોકે છેલ્લા થોડા વર્ષોથી ખેડ સત્યગ્રહ રેલી ખેડૂતોની મટી ગઈ હોય તેમ ખેડૂતોની ઓછી અને રાજકારણની વધુ થતી હોવાનુ ખેડૂતો જણાવી રહ્યા છે. ત્યારે રેલીમાં ખરા અર્થમાં ખેડુતો માટેની બને તેવું ખેડુત જણાવી રહ્યા છે.

1 સપ્ટેમ્બરે ખેડ સત્યાગ્રહ કિસાન રેલી બે સ્થળોએ યોજાશે. જેમાં એક રેલી નાનાપોંઢા તાલુકાના અરનાલા કલ્યાણેશ્વર મહાદેવ મંદિર કોલક નદી કિનારે યોજાશે. જેમાં કોંગ્રેસના રાષ્ટ્રીય યુવા નેતાઓ અને પ્રદેશ નેતાઓ ઉપસ્થિત રહેશે. તો બીજી તરફ ખેડૂતો ઈચ્છી રહ્યા છે કે, આ રેલીમાં ખેડૂતોની, તેમની સમસ્યાઓની, તેમની સાથે થઈ રહેલી અન્યાયની વાતો થાય.

### ગણદેવા ટોલનાકા પાસેથી દારૂ પકડાયો

બીલીમોરા : લોકલ ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે ગણદેવા એક્સપ્રેસ-વે ટોલનાકા નજીક નાકાબંધી ગોઠવી હતી. આ દરમિયાન પસાર થતા આઈશર ટેમ્પો નં. GJ-01-MT-1375ને અટકાવી તેની તલાસી લીધી હતી. ટેમ્પોમાંથી વ્હિસ્કી, વોડકા અને બીયરની ૨,૪૩૬ બોટલ મળી આવી હતી. પોલીસે ટેમ્પો ચાલક જાવીદશા ફકીર (અમદાવાદ) તથા ક્લીનર બાબીશાહબાઝ ખાન (અમદાવાદ)ની ધરપકડ કરી છે. જ્યારે દારૂનો જથ્થો સેલવાસથી ભરાવી અમદાવાદ મંગાવનાર આમીન ઉર્ફે મુંડી મન્સુરી (અમદાવાદ), દારૂ મંગાવનાર/મોકલનાર કમલેશ (રહે. અમદાવાદ), ટેમ્પોનો માલિક તથા અન્યોને વોન્ટેડ જાહેર કર્યા છે. પોલીસે વિદેશી દારૂ અને બીયર કિંમત રૂપિયા ૮,૦૪,૨૪૦, આઈશર ટેમ્પો રૂપિયા ૧૦ લાખ, રોકડા રૂપિયા ૫ હજાર તથા બે મોબાઈલ ફોન રૂપિયા ૨૦ હજાર મળી કુલ રૂપિયા ૧૮,૨૯,૨૪૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

## વાપીમાં ફ્લેટનું તાળું તોડી સિલિન્ડરની ચોરી

**ચોરીના** બાટલા ખરીદનાર દુકાનદાર સામે કાયદેસરની કાર્યવાહી

વાપી : મૂળ ઝારખંડના અને હાલ વાપીના છીરી સ્થિત રણછોડનગરના એસ.વી.ડી. એપાર્ટમેન્ટમાં રહેતા પૂજાબેન ઈમાનવેલ બાસ્કી ગત ૨૬ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ ફ્લેટને લોક કરીને નોકરી પર ગયા હતા.

રાત્રે આઠ વાગ્યાની આસપાસ તેમની બહેન આવી ત્યારે ફ્લેટનો દરવાજો અડધો ખુલ્લો જણાયો હતો. ઘરમાંથી બે ગેસ બોટલ (કિંમત રૂ. ૩,૦૦૦), એક મોબાઈલ ફોન અને રૂ. ૧,૫૦૦ રોકડા મળી કુલ રૂ. ૯,૫૦૦/- ની મતાની ચોરી થઈ હોવાની ફરિયાદ પૂજાબેને વાપી ડુંગરા પોલીસ મથકે નોંધાવી હતી.

પોલીસ તપાસ દરમિયાન પકડાયેલા ચોર સુરજકુમાર ઉર્ફે એલેક્ષ દિપકકુમાર પાંડે (રહે. છીરી)ની પૂછપરછમાં તેણે ગેસ સિલિન્ડર છીરી કંચનનગરમાં ઇલેક્ટ્રિકની દુકાન ચલાવતા લક્ષ્મણ બાબુભાઈ માલીને વેચી દીધા હોવાનું બહાર આવ્યું હતું.

પોલીસે દરોડો પાડી દુકાનના ગોડાઉનમાંથી ચોરીના સિલિન્ડર ઉપરાંત અન્ય કંપનીના નાના-મોટા ૧૮ ગેસ સિલિન્ડર અને વજનકાંટો મળી કુલ રૂ. ૩૧,૯૮૨/- નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

દુકાનદાર પાસે ગેસ એજન્સીનું લાયસન્સ, ખરીદ બિલ કે સેફ્ટીના સાધનો ન હોવાથી વાપી ડુંગરા પોલીસે તેની સામે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## વાપીની ફેક્ટરીમાંથી કોપર સામગ્રીની ચોરી

**વાપી** જીઆઈડીસીની ફેક્ટરીમાંથી 1.60 લાખ, છરવાડા રિસોર્ટના કંપાઉન્ડમાંથી રૂપિયા 85 હજારના કોપર કેબલ વાયર ચોરાયા

વાપી : વાપી જીઆઈડીસીના પ્રથમ ફેઝમાં આવેલી આશિષ ઈલેક્ટ્રિકલ્સ નામની ટ્રાન્સફોર્મર રિપેરીંગ ફેક્ટરીમાંથી રૂ.1.60 લાખની કિંમતનું અંદાજે 160 કિલોગ્રામ વજન ધરાવતું કોપર મટીરિયલ ચોરાયું છે. ફેક્ટરીના માલિક વિપુલભાઈ ખુશાલભાઈ ઈંગલેએ નોંધાવેલી ફરિયાદ મુજબ, ગત 27મી ઓગસ્ટે સાંજે ફેક્ટરી બંધ કર્યા બાદ રક્ષાબંધનના તહેવારની રજાઓ હતી. ત્યારબાદ 29મી ઓગસ્ટે ફેક્ટરી ખોલતાં ઉપરના ભાગના પતરાં તૂટેલા જણાયા હતા અને ટ્રાન્સફોર્મરના સામાનમાંથી કોપરના પાટા, એલ.ટી. કોઈલ તથા વાયરની ચોરી થઈ હોવાનું સામે આવ્યું હતું. આ અંગે વાપી ઉદ્યોગનગર પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે.

વાપીના છરવાડા સ્થિત ભારતીબા વિલા ક્લબ એન્ડ રિસોર્ટના કમ્પાઉન્ડમાંથી રૂ.85,000 ની કિંમતના 450 મીટર કોપર કેબલ વાયરની ચોરી થઈ છે. રિસોર્ટના મેનેજર રાજુ શંભુપ્રસાદ ગુપ્તા દ્વારા વાપી ડુંગરા પોલીસ મથકે નોંધાવવામાં આવેલી ફરિયાદ અનુસાર, ગત 9મી ઓગસ્ટથી 29મી ઓગસ્ટ 2026 દરમિયાન આ ચોરીને અંજામ આપવામાં આવ્યો હતો. સ્ટોક ચેક કરતી વખતે કોપર કેબલ ગાયબ હોવાનું માલૂમ પડતા સમગ્ર મામલો પોલીસના ધ્યાન પર લાવવામાં આવ્યો હતો. આ બનાવ અંગેની ફરિયાદ રાજુ ગુપ્તાએ વાપી ડુંગરા પોલીસ મથકમાં નોંધાવી હતી.

TIME
TIME TECHNOPLAST LTD.
Bringing Polymers To Life
ટાઇમ ટેક્નોપ્લાસ્ટ લિમિટેડ
રજિ. ઓફિસઃ ૧૦૧, ૧લો માળ, સેન્ટર પોઈન્ટ, સોમનાથ દમણ રોડ, સોમનાથ, દાભેલ, નાની દમણ, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ, (યુ.ટી.) ૩૯૬૨૧૦
કોર્પો. ઓફિસઃ ૫૫, કોર્પોરેટ એવેન્યુ, સાકી વિહાર રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૨.
ટેલિ. નં.: ૯૧-૨૨-૭૧૧૧ ૯૯૯૯; વેબસાઇટ: www.timetechnoplast.com
ઈમેઈલ: investors@timetechnoplast.com
CIN: L27203DD1989PLC003240

**૩૬મી વાર્ષિક સામાન્ય સભા, ડિવિડન્ડ, ઈ-વોટિંગ માહિતી અને રેકોર્ડ ડેટ અંગેની નોટિસ**

આથી નોટિસ આપવામાં આવે છે કે કંપનીની ૩૬મી વાર્ષિક સામાન્ય સભા ('AGM') કંપનીની ૩૬મી AGMની નોટિસમાં જણાવ્યા મુજબના કામકાજો હાથ ધરવા માટે વીડિયો કોન્ફરન્સિંગ ('VC') / અન્ય ઓડિયો વિઝ્યુઅલ મીન્સ ('OAVM') દ્વારા મંગળવાર, ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે (IST) યોજવા માટે નિર્ધારિત કરવામાં આવી છે.

કોર્પોરેટ બાબતોના મંત્રાલય ('MCA') અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા ('SEBI') (આમાં આગળ સંયુક્ત રીતે 'સરક્યુલર્સ' તરીકે ઉલ્લેખિત) દ્વારા બહાર પાડવામાં આવેલા તારીખ ૦૫ મે, ૨૦૨૦ના સામાન્ય સરક્યુલર નં. ૨૦/૨૦૨૦ અને તે અંગેના તબક્કાવાર સરક્યુલર્સ, જેમાં તાજેતરનો ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫નો સામાન્ય સરક્યુલર નં. ૦૩/૨૦૨૫ છે, તેને અનુરૂપ કંપનીએ સોમવાર, ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ તે તમામ સભ્યોને ૩૬મી વાર્ષિક સામાન્ય સભાની નોટિસ અને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬નો વાર્ષિક અહેવાલ મોકલી આપેલ છે કે જેમના ઈ-મેઈલ એડ્રેસ કંપની / રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ ('RTA') - એમયુએફજી ઈન્ટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ / ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ ('DPs') પાસે નોંધાયેલા છે.

વધુમાં, SEBI (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ('લિસ્ટિંગ રેગ્યુલેશન્સ')ના રેગ્યુલેશન ૩૬(૧)(b)ના પાલનમાં, કંપનીએ તે સભ્યોને પણ પત્ર મોકલ્યો છે કે જેમના ઈમેઈલ એડ્રેસ કંપની/RTA/DPs પાસે નોંધાયેલા નથી, જેમાં વેબ-લિંક પૂરી પાડવામાં આવી છે જેમાં ચોક્કસ પાથ અને ક્વિક રિસ્પોન્સ ('QR') કોડનો સમાવેશ થાય છે જ્યાં નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬નો વાર્ષિક અહેવાલ ઉપલબ્ધ છે.

વાર્ષિક અહેવાલ અને ૩૬મી વાર્ષિક સામાન્ય સભાની નોટિસ કંપનીની વેબસાઇટ www.timetechnoplast.com પર અને સ્ટોક એક્સચેન્જોની વેબસાઇટ્સ એટલે કે BSE લિમિટેડની www.bseindia.com અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા લિમિટેડની www.nseindia.com પર પણ ઉપલબ્ધ છે.

સભા પહેલાં રિમોટ ઈ-વોટિંગ, VC/OAVM દ્વારા સભામાં જોડાવા, સભા દરમિયાન રિમોટ ઈ-વોટિંગ, ઈમેઈલ એડ્રેસ રજિસ્ટ્રેશન, સભ્યોના ઇલેક્ટ્રોનિક માધ્યમથી ડિવિડન્ડ મેળવવાના હેતુથી કંપની પાસે ફરજિયાત KYC દસ્તાવેજો અને બેંક વિગતો અપડેટ કરવા અંગેનું વ્યાપક માર્ગદર્શન AGMની નોટિસના 'Notes' વિભાગમાં ઉપલબ્ધ છે.

રેકોર્ડ ડેટ:
લિસ્ટિંગ રેગ્યુલેશન્સના રેગ્યુલેશન ૪૨ને અનુસરીને, કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ડિવિડન્ડ મેળવવા માટે પાત્ર સભ્યો નક્કી કરવા માટે મંગળવાર, ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ને રેકોર્ડ ડેટ તરીકે નક્કી કરી છે.

ઇલેક્ટ્રોનિક મોડ દ્વારા વોટિંગ:
કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની કલમ ૧૦૮ સાથે કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) રૂલ્સ, ૨૦૧૫ના નિયમ ૨૦, લિસ્ટિંગ રેગ્યુલેશન્સના રેગ્યુલેશન ૪૪ અને SS-2ના આધારે વાંચતા, કંપની એમયુએફજી ઈન્ટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ દ્વારા https://instavote.linkintime.co.in પર ૩૬મી AGMમાં પ્રસ્તાવિત ઠરાવો પર રિમોટ ઈ-વોટિંગ સુવિધા પૂરી પાડી રહી છે, જેમાં વિગતવાર સૂચનાઓ સભ્યોને મોકલેલ AGM નોટિસમાં સમાવિષ્ટ છે.

કંપનીઝ એક્ટ, ૨૦૧૩ અને નિયમોની જોગવાઈઓ અનુસારની વિગતો નીચે મુજબ આપવામાં આવી છે:

૧. રિમોટ ઈ-વોટિંગના હેતુ માટે કટ-ઓફ ડેટઃ મંગળવાર, ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૬.
૨. રિમોટ ઈ-વોટિંગ શરૂ થવાની તારીખ અને સમયઃ ગુરુવાર, ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ સવારે ૯.૦૦ વાગ્યે (IST).
૩. રિમોટ ઈ-વોટિંગ સમાપ્ત થવાની તારીખ અને સમયઃ સોમવાર, ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ સાંજે ૦૫:૦૦ વાગ્યા સુધી (IST). ત્યારબાદ ઈ-વોટિંગ ડિસેબલ થઈ જશે અને સભ્યોને સદર તારીખ અને સમય પછી મત આપવાની મંજૂરી આપવામાં આવશે નહીં.
૪. જે વ્યક્તિનું નામ કટ-ઓફ ડેટ સુધી જ રજિસ્ટર ઓફ મેમ્બર્સમાં અથવા ડિપોઝિટરીઝ દ્વારા જાળવવામાં આવતા રજિસ્ટર ઓફ બેનિફિશિયલ ઓનર્સમાં નોંધાયેલું હોય, તે જ રિમોટ ઈ-વોટિંગ તેમજ AGMમાં ઈ-વોટિંગની સુવિધાનો લાભ લેવા માટે હકદાર રહેશે.
૫. કોઈપણ વ્યક્તિ, જે નોટિસ મોકલ્યા પછી કંપનીના શેર ખરીદે છે અને કંપનીનો સભ્ય બને છે, અને કટ-ઓફ ડેટ એટલે કે મંગળવાર, ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ શેર ધરાવે છે, તે enotices@in.mpms.mufg.com પર વિનંતી મોકલીને લોગિન ID અને પાસવર્ડ મેળવી શકે છે.
૬. ભૌતિક સ્વરૂપમાં શેર ધરાવતા સભ્યો અને જેઓએ પોતાના ઈ-મેઈલ એડ્રેસ રજિસ્ટર કરાવ્યા નથી તેઓને આ લિંક પર કંપનીના RTA પાસે અપડેટ કરવા વિનંતી છે: https://web.in.mpms.mufg.com/helpdesk/Service Request.html. કોઈ પ્રશ્ન હોય તો, સભ્યો મુલાકાત લઈ શકે છે: https://web.in.mpms.mufg.com/helpdesk/Service Request.html. ડીમટીરિયલાઈઝ્ડ મોડમાં શેર ધરાવતા સભ્યોને તેમના ઈમેઈલ એડ્રેસ અને મોબાઈલ નંબર તેમના સંબંધિત ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ પાસે નોંધાવવા વિનંતી છે.
૭. સભા દરમિયાન પણ ઈ-વોટિંગની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે અને સભા પૂર્ણ થયાના ૧૫ મિનિટ પછી ડિસેબલ કરી દેવામાં આવશે. સભ્યો જેઓએ AGMના રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાનો મત આપી દીધો છે તેઓ પણ VC/OAVM દ્વારા યોજાનારી AGMમાં હાજરી આપી શકે છે, પરંતુ તેઓ ફરીથી પોતાનો મત આપવા માટે હકદાર રહેશે નહીં. એકવાર સભ્ય દ્વારા ઠરાવ પર મત આપી દીધા પછી, તેમને પાછળથી તેમાં ફેરફાર કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.
૮. AGMમાં હાથ ધરવાના વ્યવસાયિક મુદ્દાઓને લગતા સંબંધિત દસ્તાવેજો ઇલેક્ટ્રોનિક મોડ દ્વારા તપસણી માટે ઉપલબ્ધ છે; સભ્યોને સદર દસ્તાવેજોની તપાસ માટે કંપનીને investors@timetechnoplast.com પર લખવા વિનંતી છે.
૯. બોર્ડ ઓફ ડિરેક્ટર્સે નિષ્પક્ષ અને પારદર્શક રીતે રિમોટ ઈ-વોટિંગ અને AGMમાં વોટિંગ પ્રકિયાની સ્ક્રૂટિની કરવા માટે પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરી શ્રી અરૂણ દાસ (મેમ્બરશિપ નં. F9765)ની સ્ક્રૂટિનાઇઝર તરીકે નિમણૂક કરી છે.
૧૦. ૩૬મી AGMની નોટિસમાં નિર્ધારિત ઠરાવો પરના વોટિંગના પરિણામો AGM પછી જાહેર કરવામાં આવશે. જાહેર કરાયેલા પરિણામો સ્ક્રૂટિનાઇઝરના રિપોર્ટ સાથે કંપનીની વેબસાઇટ www.timetechnoplast.com પર અને એમયુએફજી ઈન્ટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડની વેબસાઇટ https://instavote.linkintime.co.in પર AGM પૂર્ણ થયાના ૨ કામકાજના દિવસોમાં મૂકવામાં આવશે અને પરિણામો સ્ટોક એક્સચેન્જોને પણ જાણ કરવામાં આવશે.
૧૧. ઈ-વોટિંગ સંબંધિત કોઈપણ પ્રશ્નોના કિસ્સામાં, સભ્યો/બેનિફિશિયલ ઓનર્સ મદદ વિભાગ હેઠળ https://instavote.linkintime.co.in વેબસાઇટ પર ઉપલબ્ધ વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) અને ઈન્સ્ટાવોટ ઈ-વોટિંગ મ્યુઝિકલ મેન્યુઅલ જોઈ શકે છે અથવા enotices@in.mpms.mufg.com પર ઈમેઈલ મોકલી શકે છે અથવા +91 (022) 4918 6175/4918 6000 પર સંપર્ક કરી શકે છે.
લોગિન/ઈ-વોટિંગ સાથે જોડાયેલી સભ્યોની કોઈપણ ફરિયાદના કિસ્સામાં, કૃપા કરીને શ્રી રાજીવ રંજન, સિનિયર આસિસ્ટન્ટ વાઇસ પ્રેસિડેન્ટ ઈ-વોટિંગનો enotices@in.mpms.mufg.com અથવા +91 (022) 4918 6175/4918 6000 પર સંપર્ક કરો.

ટાઇમ ટેક્નોપ્લાસ્ટ લિમિટેડ વતી
સહી/-
મનોજ કુમાર મેવારા
સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ ફાઇનાન્સ અને કંપની સેક્રેટરી

સ્થળ: મુંબઈ
તારીખ: ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬